શ્રી શ્યામ ઝેરોક્ષ
અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070

શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.

ભલ ભલાની ખબર લેતું...
RNI No. GUJGUJ/2005/21613

# ગુજરાત રક્ષા

GUJARAT RAKSHA (Weekly, Vyara)
(સાપ્તાહિક-વ્યારા)

ગુજરાત રક્ષા - 06
WhatsApp group
સમાચારોનાં વધુ અપડેટ અને અગત્યનાં સમાચારો મેળવવા માટે ગુજરાત રક્ષાના whatsapp ગ્રુપમાં જોડાવો, આ QR Code Scan કરો.

તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સંર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર : સોમવાર ❖તા.૨૮-૧૦-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.
કાર્યાલય : ૪, મોદી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in

# ઈઝરાયલના હુમલામાં નુકસાનની વાત ઈરાને કબૂલી, કહ્યું- ત્રણ શહેરોમાં સૈન્ય મથકો નષ્ટ થઈ ગયા



ઈઝરાયલે શનિવારે વહેલી સવારે ઈરાનના સૈન્ય મથકો અને રાજધાની તેહરાન તથા તેની નજીકના શહેરો પર હુમલો કર્યો હતો. ઈરાનનું કહેવું છે કે, ઈઝરાયલના હુમલાએ ઈલમ, ખુઝેસ્તાન અને તેહરાનમાં સૈન્ય મથકોને નિશાન બનાવ્યા હતા, જેનાથી 'મર્યાદિત નુકસાન' થયું છે.એક અહેવાલ પ્રમાણે વિસ્ફોટોની જાણકારી હજુ સુધી નથી મળી. અમેરિકાના એક વરિષ્ઠ સૈન્ય અધિકારીએ જણાવ્યું કે, અમેરિકા ઈરાનમાં થયેલા વિસ્ફોટોથી વાકેફ છે અને સ્થિતિ પર ઝીણવટપૂર્વક નજર રાખી રહ્યું છે.ઈરાક, સીરિયા અને લેબનોનમાં પણ બ્લાસ્ટઈરાન ઉપરાંત ઈરાક અને સીરિયામાં પણ અનેક બ્લાસ્ટ થયા હોવાની સૂચના મળી છે, જેના કારણે સીરિયન સેનાને પોતાની હવાઈ સુરક્ષાને સક્રિય કરવી પડી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે સીરિયાની રાજધાની દમાસ્કસમાં વિસ્ફોટની સૂચના મળી છે. દિયાલા અને સલાહ અલ-દિન ગવર્નરેટ્સની બહારના વિસ્તારમાં પણ વિસ્ફોટોની સૂચના મળી છે.ઈરાને હુમલાનો કર્યો સ્વીકારઈરાને તેહરાન, ખુઝેસ્તાન અને ઈલામ પ્રાંતમાં લશ્કરી કેન્દ્રો પર હુમલાની વાત સ્વીકારી છે. ઈઝરાયલી મીડિયાના જણાવ્યા પ્રમાણે ઈરાન વિરુદ્ધ ત્રણ તબક્કામાં હુમલા કરવામાં આવ્યા છે. અમેરિકા અને ઈઝરાયલના અધિકારીઓનો હવાલો આપતા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, 'પ્રથમ તબક્કાનો હુમલો ઈરાની એર ડિફેન્સ પર કેન્દ્રિત હતો જ્યારે બીજા અને ત્રીજા તબક્કામાં મિસાઈલ અને ડ્રોન બેઝ અને પ્રોડક્શન સાઈટ્સને ટાર્ગેટ કરવામાં આવ્યા હતા.ઈરાનને અમેરિકાની ચેતવણી ઈઝરાયલી મીડિયાના જણાવ્યા પ્રમાણે વ્હાઈટ હાઉસના વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, અમે ઈરાનને એક સંદેશ મોકલ્યો છે, જો તે જવાબ આપશે તો અમે ઈઝરાયલની રક્ષા કરીશું. બાઈડન સરકારના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સીધી ગોળીબારનો અંત થવો જોઈએ. તેમણે વધુમાં કહ્યું કે અમેરિકા પાસે ઈરાન સાથે વાતચીતના ઘણા પ્રત્યક્ષ અને પરોક્ષ માધ્યમો છે જ્યાં તેમણે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે. ઈઝરાયલી સેનાના હુમલાની જાણકારી આપતા ઈરાનને ચેતવણી આપી અને કહ્યું કે, અમે 'હુમલા અને બચાવ બંને માટે તૈયાર છીએ.'ઈરાનમાં સૈન્ય મથકો પર શનિવારના હુમલામાં ૧૦૦થી વધુ ઈઝરાયેલી વિમાનોએ ભાગ લીધો હતો. ૨૦૦૦ કિમી દૂરથી કરવામાં આવેલા આ હુમલામાt F-35 ફાઈટર જેટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એક અમેરિકન અધિકારીએ જણાવ્યું કે ઈરાનમાં સૈન્ય મથકો પર હુમલા પહેલા અમેરિકાને તેની જાણ કરી દેવામાં આવી હતી પરંતુ તે ઓપરેશનમાં સામેલ નથી.

## મહારાષ્ટ્રમાં સીટ વહેંચણી મુદ્દે રાહુલ ગાંધી ખફા : અધવચ્ચેથી બેઠક છોડી ચાલ્યા ગયા




**નવી દિલ્હી,** કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી મહારાષ્ટ્ર માં બેઠકોની વહેંચણી મુદ્દે નારાજ હોવાની ચર્ચા છેડાઈ છે. મહારાષ્ટ્ર વિધાન સભા ચૂંટણીને લઈને કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક શુક્રવારે દિલ્હી પાર્ટી હેડક્વાર્ટરમાં મળી હતી. સૂત્રોના જણાવ્યા નુસાર,રાહુલ ગાંધી બેઠકમાંથી અધવચ્ચે જ નીકળી ગયા હતા. મહાવિકાસ અઘાડી સહયોગી શિવસેના (ઉદ્ધવ જૂથ)ને કોંગ્રેસ પાર્ટીની પકડ હેઠળની સીટો ફાળવી દેવાથી તે નારાજ હોવાની ચર્ચા છે. સૂત્રોના જણાવ્યાનુ સાર, કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં રાહુલ ગાંધીએ વિદર્ભ અને મુંબઈ જેવા વિસ્તારોમાં કોંગ્રેસની મજબૂત અને ખાસ કરીને અનામત બેઠકો શિવસેના (યુબીટી)ને આપવાના મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા.આ ઉપરાંત, તે એવા ઉમેદવારોના નામથી પણ નારાજ હતા જે સ્ક્રીનીંગ કમિટીએ સીઈસીને આપ્યા હતા. તેમણે કહ્યું કે, 'આ નામ રાજ્યના ઘણાં નેતાઓ પ્રત્યે પક્ષપાતની લાગણી પેદા કરે છે.'રાહુલ ગાંધીનું માનવું છે કે, મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓએ સીટ વહેંચણી પર વાતચીત દરમિયાન તેમની ભૂમિકા યોગ્ય રીતે ભજવી ન હતી. તેમણે નારાજગી વ્યક્ત કરી અને કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક અધવચ્ચે છોડી દીધી.હાઈકમાન્ડે મહારાષ્ટ્ર કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાલા સાહેબ થોરાટને સ્ફછ સાથી શરદ પવારની દ્રઝ઼ અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના સાથે વિદર્ભ અને મુંબઈ બેઠકો અંગે વાતચીત કરવાની જવાબદારી સોંપી હતી.

## મોદી સરકારના મંત્રી અને વિપક્ષના સાંસદ વચ્ચે 'બોલાચાલી', ફરી એકવાર ધૂણ્યો ભાષા વિવાદ



તમિળ અને હિન્દીને ભાષાને લઈને મતભેદ અવાર-નવાર સામે આવતો રહે છે. ત્યારે તમિલનાડુમાંથી ફરી ભાષાને લઈને નવો વિવાદ ઉભો થયો છે. ડીએમકે નેતા અને રાજ્યસભા સાંસદ એમએમ અબ્દુલ્લાએ શુક્રવારે (૨૫ ઓક્ટોબર) કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટૂના હિન્દીમાં લખેલાં પત્રાનો તમિળમાં જવાબ આપતા કહ્યું કે, મને પત્રાનો એકપણ શબ્દ સમજ નથી પડી. જણાવી દઈએ કે કેન્દ્રીય મંત્રીનો પત્ર ટ્રેનમાં ભોજનની ગુણવત્તા અને સફાઈ સંબંધિત ઉઠાવવામાં આવેલાં પ્રશ્ન સંબંધિત લખવામાં આવ્યો હતો. હિન્દી નથી સમજી શકતો: અબ્દુલ્લાસોશિયલ મીડિયા પર બંને પત્રોનો એક ફોટો શેર કરતાં અબ્દુલ્લાએ કહ્યું કે, કેન્દ્રીય રાજ્ય મંત્રીના કાર્યાલયમાં તૈનાત અધિકારી ઓને ઘણીવાર યાદ અપાવ્યું છે કે, હું હિન્દી નથી સમજી શકતો. તેમ છતાં તેઓ હજું પણ એ જ ભાષામાં પત્ર લખીને મોકલે છે.એક્સ પર તમિળમાં આપ્યો જવાબ

ડીએમકે સાંસદ દ્વારા એક્સ પર પોસ્ટમાં લખ્યું કે, 'રેલ રાજ્ય મંત્રીના કાર્યાલયથી આવનાર તમામ પત્ર હંમેશા હિન્દીમાં હોય છે. મેં તેમના કાર્યાલયમાં હાજર અધિકારીઓને ફોન કરીને કહ્યું કે, મને હિન્દી નથી આવડતી. મહેરબાની કરીને પત્ર અંગ્રેજીમાં મોકલો, પરંતુ પત્ર હિન્દીમાં હતો. મેં આ પ્રકારે જવાબ મોકલ્યો છે, જેનાથી તે સમજી શકે અને તે મુજબ કાર્ય કરી શકે.'કેન્દ્રીય મંત્રીને તમિળમાં કરી વિનંતી

ડીએમકે સાંસદે કેન્દ્રીય મંત્રી બિટ્ટૂને તમિળમાં વિનંતી કરી કે, હવેથી તેમના પત્ર અંગ્રેજીમાં મોકલી શકે છે. આ પહેલાં ૨૦૨૨માં ડીએમકેએ પણ કેન્દ્ર પર પ્રહાર કરતાં તેમના પર હિન્દી થોપવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

## કમલાને ચીન બાળકની જેમ ડરાવશે : ટ્રમ્પ




અમેરીકાનાં રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગુરૂવારે કહ્યું હતું કે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરીસ વ્હાઈટ હાઉસ માટે ચૂંટાશે તો ચીનના નેતા તેની સાથે બાળકની જેમ વર્તાવ કરશે. એક પોસ્ટ કાસ્ટમાં જયારે ટ્રમ્પને પૂછવામાં આવ્યુ કે જો કોઈ રીતે કમલા જીતી જાય છે.તો ચિનફિંગ (ચીનના રાષ્ટ્રપતિ) તેને સાથે કેવી રીતે વર્તશે? જેના પર ટ્રમ્પે કહ્યુ હતું. બિલકુલ એક બાળકની જેમ તે તેની પાસેથી બધી ક્યડી છીનવી લેશે. કમલાને ખબર જ નહિં પડે કે શું થઈ રહ્યું છે.ચીનફીગ અને કમલા એવા લાગશે જેવા શતરંજનાં ગ્રાન્ડમાસ્ટરનો એક શિખાઉ સાથે મુકાબલો થઈ રહ્યો હોય. ટ્રમ્પે અગાઉ પણ કમલા હેરીસ પર આવી ટિપ્પણી કરી ચુકયા છે. તેઓ કમલા હેરીસને આળસુ, મંદબુધ્ધિ, બેવકુફ, મંદબુદ્ધિ નશેડી કહી ચુકયા છે.તો ઈન્કમટેક્સ ખતમ કરી દઈશુટ્રમ્પે એક ઈન્ટરવ્યુમાં ઈન્કમટેક્સને પુરેપુરો ખતમ કરી દેવાની વાત પણ કરી હતી.તેઓ કમલા હેરીસને આળસુ, મંદબુધ્ધિ, બેવકુફ, મંદબુદ્ધિ નશેડી કહી ચુકયા છે.તો ઈન્કમટેક્સ ખતમ કરી દઈશુટ્રમ્પે એક ઈન્ટરવ્યુમાં ઈન્કમટેક્સને પુરેપુરો ખતમ કરી દેવાની વાત પણ કરી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકામાં ૧૯ મી સદીની આર્થિક નીતિઓ પાછી ફરી શકે છે. ત્યારે અમેરીકામાં ઈન્કમ ટેક્સ નહોતો લાગતો. ટેરિફનું ચલણ તો ત્યારે પણ હતું.પરંતુ ઈન્કમટેક્સ નહોતો આપણા દેશમાં એવા પણ લોકો છે. જેમની પાસે ટેક્સ ચુકવવા પૈસા નથી બચ્યા. જોકે ટ્રમ્પે એ નહોતું બતાવ્યુ કે ઈન્કમ ટેકસ વિના કામ કેવી રીતે થશે.ચૂંટણી સર્વેમાં કમલાથી થોડા આગળ ટ્રમ્પ અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીને લઈને સર્વેમાં રિપબ્લીકન પાર્ટીના ઉમેદવાર ટ્રમ્પે ડેમોક્રેટીક પાર્ટીની ઉમેદવાર અને પોતાની હરીફ કમલા હેરીસથી મામુલી આગળ છે. ટ્રમ્પ કમલા હેરીસથી માત્ર બે ટકા આગળ છે.

## સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમરેલી જિલ્લામાં



રાહુલ ગાંધીએ શુક્રવારે ટ્વિટર પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેમણે એક સલૂનની મુલાકાત લીધી હતી. તે અહીં શેવિંગ કરતો જોવા મળે છે. વીડિયોની સાથે રાહુલે લખ્યું- 'કંઈ બચ્યું નથી' આજના ભારતમાં દરેક કામ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના વ્યક્તિની વાર્તા કહે છે.અજીત આ સલૂન દિલ્હીમાં ચલાવે છે. તેણે રાહુલને કહ્યું કે તે આખો દિવસ કેવી રીતે કામ કરે છે જેથી તે દિવસના અંતે કેટલાક પૈસા બચાવી શકે. અજિતે એમ પણ કહ્યું કે રાહુલને તેની વાર્તા કહ્યા પછી તે ખુશ અને સંતુષ્ટ છે.અજિતે રાહુલને કહ્યું - કોંગ્રેસના શાસનમાં શાંતિ હતીઅજિત રાહુલને કહી રહ્યા છે - પહેલા અમે માનતા હતા કે અમારું ભવિષ્ય સારું રહેશે, પરંતુ અમે અહીં જ રહ્યા.

## ગુજરાત - રાજસ્થાન બોર્ડર પરથી ઝડપાયેલા રૂ. ૭ કરોડનો રેલો મુંબઈ પહોંચ્યો



બનાસકાંઠાની અમીરગઢ પોલીસ ચેકપોસ્ટ પાસે આવેલ રાજસ્થાનના માવલ ચેકપોસ્ટ પર એક કારમાંથી પોલીસે રૂપિયા ૭ કરોડ રૂપિયાની બેનામી રકમ કબજે કરી હતી. જેમાં પકડાયેલા મહેસાણાના બે શખસે પોલીસ સમક્ષ મુંબઈના સૂત્રધારે પૈસા લેવા માટેદિલ્હી મોકલ્યા હોવાનુંજણાવ્યું હતું. હવે આ મામલે રાજસ્થાન ઈન્કમટેક્ષ વિભાગ તેમજ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આયકર વિભાગ અને પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યોમહેસાણાના બે શખસોએ પોલીસ સમક્ષ મુંબઈના સૂત્રધારે પૈસા લેવા દિલ્હી મોકલ્યા હોવા સહિતના વટાણા વેર્યા હતા. રાજસ્થાનના માવલ પોલીસ ચેકપોસ્ટ પરથી કારમાંસીટના નીચે ગુપ્ત ખાનામાંથી સાત કરોડ રૂપિયાથી વધુની રોકડ સાથે મહેસાણાના બે શખસ ઝડપાયાં હતાં. આ રોકડ રકમના કોઈપણ પુરાવા આ લોકો પાસે મળ્યા ન હતા. આ મામલે પોલીસ ગુનો નોંધી આગળની તપાસ માટે સિરોહી આયકર વિભાગ આરોપીઓને સોંપવામાં આવ્યા હતા.પોલીસ અધિકારી સીતારામના જણાવ્યાનુસાર, કરોડોની રોકડ સાથે પકડાયેલા આ શખસોને મુંબઈની પાર્ટીએ પૈસા લેવા માટે દિલ્હી મોકલ્યા હતા. તેઓ જણાવેલા લોકેશન પહોંચ્યા, ત્યારે અજાણ્યા શખસે આ આરોપીઓને રૂપિયા ભરેલી કાર આપી હતી. અમદાવાદ આવ્યા બાદ પૈસા કોને આપવાના છે અથવા આગળ ક્યાંક લઈ જવાના છે તેની જાણ કરવાનું કહ્યું હતું. દિલ્હીથી નાકળીને આસાનીથી માવલ ચેક પોસ્ટ સુધી પહોંચ્યા હતા. પરંતુ ગુજરાતમાં પ્રવેશે તે પહેલાં રાજસ્થાન પોલિસ બોર્ડર પર અટકવ્યા હતાં. આયકર વિભાગ અને પોલિસે આ રોકડ રકમની ગેરકાયદે હેરાફેરી સહિતની દિશામાં તપાસ શરૂ કરી છે.

# ગાડી કે નીચે બમ લગા કે તેરી હત્યા કરેંગે’

# હિન્દુ નેતા ઉપદેશ રાણાને વોટ્સએપ કોલ પર ધમકી આપનારની રાજસ્થાનથી ધરપકડ કરી



**સુરત,** સનાતન સંઘના પ્રમુખ ઉપદેશ રાણાને જાનથી મારી નાખવાની ધમકી મામલે ગોડાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના આધારે પોલીસે તપાસ કરી અને રાજસ્થાનના સીકર જિલ્લા માંથી પ્રકાશચંદ્ર નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. જો કે, પ્રકાશે જણાવ્યું છે કે, તેના મોબાઈલ થકી કોઈ અન્ય વ્યક્તિએ કોલ કર્યો હતો. પરંતુ પ્રકાશ સાચું બોલે છે કે નહીં તે અંગેની તપાસ હાલ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. ઉપદેશ રાણા અને ધમકી આપવા મામલે અન્ય એક કેસમાં અગાઉ ક્રાઈમ બ્રાન્ચે એક મૌલવીની પણ ધરપકડ કરવામાં આવી છે. આ બીજો બનાવ છે જેમાં ઉપદેશ રાણાને ધમકી આપવાના મામલે ગોડાદરા પોલીસે આરોપીની ધરપકડ કરી છે.હાલ પોલીસે આરોપી પ્રકાશચંદ્રને કસ્ટડીમાં લીધો છે સપ્ટેમ્બર મહિનામાં સનાતન સંઘના પ્રમુખ ઉપદેશ રાણાને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આરોપીને વોટ્સએપ કોલ થકી ધમકી આપવામાં આવી હતી. કોલ દરમિયાન તેમને કહેવામાં આવ્યું હતું કે, ‘ઉપદેશ રાણા તેરી હત્યા કરેંગે, ગાડી કે નીચે બમ લગા કર તેરી હત્યા કરેંગે.’ પોલીસે તપાસ બાદ રાજસ્થાનના સીકર જિલ્લાથી પ્રકાશચંદ્ર બાજીયા નામના વ્યક્તિની ધરપકડ કરી છે. અત્યારસુધીમાં ઉપદેશ રાણાએ દેશભરમાં ડઝનથી વધુ કેસ દાખલ કર્યા છે. તેમાં તેમને ધમકી આપવા આવી હતી. ગોડાદરામાં નોંધાયેલી ફરિયાદમાં આરોપીએ જણાવ્યું હતું કે, તેના મોબાઈલથી કોઈ અજાણ્યા વ્યક્તિએ ઉપદેશ રાણાને ફોન કર્યો હતો.હાલ પોલીસે આરોપી પ્રકાશચંદ્રને કસ્ટડીમાં લીધો છે અને તેનો મોબાઈલ ફોન પણ કબ્જે કર્યો છે.પ્રકાશના નામે મોબાઈલ નંબરઆ મામલે ડીસીપી ભગીરથ ગઢવીએ જણાવ્યું હતું કે, ગોડાદરા પોલીસ સ્ટેશન ખાતે ઉપદેશ રાણા નામના વ્યક્તિએ ફરિયાદ નોંધાવી હતી. તેણે ૨૯ સપ્ટેમ્બરના રોજ કોઈ વોટ્સઅપ કોલથી ઉપદેશ રાણાને ધમકી આપી છે. પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આમાં જે મોબાઈલથી ધમકી આપી હતી તે સંદર્ભે વિગત અને અન્ય વિગતો મેળવી ટેક્નિકલ ઈન્ફોર્મેશનના આધારે પોલીસને જાણવા મળ્યું હતું કે, ત્યાંથી ફોન આવ્યો હતો તે સ્થળ સીકર રાજસ્થાન છે.પોલીસ રાજસ્થાન પહોંચી અને ત્યાં તપાસ કરતાં એક વ્યક્તિ પ્રકાશચંદ્ર જે આ મોબાઈલધારક છે. એ વ્યક્તિ દ્વારા ધમકી આપવામાં આવી હતી.જરૂર લાગે તો ફરી સીકર જઈ આ અંગે તપાસ કરાશેસાથે તેઓએ જણાવ્યું હતું કે, પોલીસે પ્રકાશચંદ્ર બાજીયા ની ધરપકડ કરી હતી. આરોપીએ જણાવ્યું હતું કે, ૨૯ તારીખે કોઈ એક વ્યક્તિ તેની પાસે આવી મોબાઈલ માગ્યો હતો અને ઉપદેશ રાણાને કોલ કર્યો હતો. ત્યારપછી ઉપદેશ રાણાનો કોલ સામેથી આવ્યો હતો. બંને વચ્ચે રકઝક થઈ હતી. જે અનુસંધાને પોતે પ્રકાશે પણ ઉપદેશ રાણાને ધમકી આપી હતી. જે અનુસંધાને તેની ધરપકડ કરવામાં આવી છે. પહેલીવાર ઉપદેશ રાણાને ધમકી આપનાર પ્રકાશચંદ્ર છે કે નહીં જે અંગે પ્રકાશે જણાવ્યું છે તે બાબતે અમે તપાસ કરી રહ્યા છીએ.જરૂર લાગે તો સીકર જઈ આ અંગે તપાસ કરાશેવધુમાં જણાવ્યું હતું કે, જો કે, પોલીસને અનેક ઈન્ફોર્મેશન મળી છે તે અંગે પણ અમે ઊંડાણપૂર્વક તપાસ કરી રહ્યા છીએ. આ જે ઘટના છે તેમાં ખરેખર પ્રકાશચંદ્ર સામેલ છે કે તેના કહેવા મુજબ કોઈ અન્ય વ્યક્તિએ કોલ કર્યો હતો તે અંગેની તપાસ અમે કરી રહ્યા છીએ. તેને આ કોઈ વ્યક્તિના કહેવા પર આ કાર્ય કર્યું છે અથવા તો કોઈ અન્ય વ્યક્તિ આમાં સામેલ છે તે અંગેની અમે તપાસ કરી રહ્યા છીએ. જરૂર લાગે તો સીકર જઈ આ અંગે તપાસ કરવામાં આવશે.હિન્દુ નેતાને ટાર્ગેટ કરવામાં આવે છેઆ અંગે ઉપદેશ રાણાએ જણાવ્યું હતું કે, સપ્ટેમ્બર માસમાં મેં ગોડાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં મને એક વોટ્સએપ કોલ પર કહેવામાં આવ્યું હતું કે, ઉપદેશ રાણા તેરી હત્યા કરેંગે, ગાડી કે નીચે બમ લગા કર તેરી હત્યા કરેંગે. આ મામલે પોલીસને સફળતા મળી છે. આરોપીની ધરપકડ કરવામાં આવી છે. હું આટલું જ જાણું છું કે, જે લોકો હિન્દુત્વ અને સનાતનની વાતો કરે છે. જેમાં કમલેશ તિવારી, ભાઈ કિશન ભરવાડ હોય તેમને ટાર્ગેટમાં રાખવામાં આવે છે. મને જાનથી મારી નાખવા માટે એક કરોડ રૂપિયાની સુપારી આપવામાં આવી હતી. જેમાં એક મૌલવીની ધરપકડ પણ કરાઈ હતી. આ રીતે ટાર્ગેટ કરવામાં આવે છે તેઓ પોતાનું કામ કરે છે અને હું મારું કામ કરું છું.

# પતિના અનૈતિક સંબંધોના કારણે પત્નીને માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકતા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ તાપી મદદે આવી

## અભયમની ટીમ દ્વારા પીડિતાના પતિ ને કાયદાની ભાષામાં લગ્ન જીવનના તૂટે તે માટે સમજાવ્યા

(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : સોનગઢ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી એક મહિલા દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમાં ફોન કરી જણાવેલ કે તેમના પતિના બીજી મહિલા સાથે છેલ્લા ત્રણ વર્ષથી અનૈતિક સંબંધો છે મારાં પતિ બીજી મહિલા સાથે લગ્ન કરવા માંગે છે. જેથી માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુક્યા છે જેથી મારે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની જરૂર છે. જેના પગલે તાપી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી ગયા હતા.પીડિત મહિલાના કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળ્યું કે તેમના પ્રેમ લગ્ન છે લગ્નને ૭ વર્ષ થયા છે. હાલ કોઈ સંતાન નથી અને પતિ હાલ ૨ વર્ષથી સરકારી જોબ કરે છે પરંતુ ઘરમાં આર્થિક મદદ કરતા નથી. પીડિત મહિલા અને તેમના સાસુ સસરા ખેતી અને પશુપાલન કરી ગુજરાન ચલાવે છે પતિ બીજા રાજ્યમાં નોકરી કરતા હોવાથી બહાર જ રહે છે. ઘરે આવે છે તો પણ વાતચીત કરતા નથી કોઈ સંબંધો રાખતા નથી. તેમને ફોન કરો તો વાત પણ કરતા નથી. વર્ષમાં ત્રણેક વાર ઘરે આવે છે અને તેમને છેલ્લા ત્રણેક વર્ષથી બીજી મહિલા સાથે અનૈતિક સંબંધો છે જેની જાણ થતા પતિ ને સમજાવવા સમાજ દ્વારા તેમજ સગા – સંબંધીઓ અને કુટુંબીઓ દ્વારા વારંવાર પ્રયત્ન કરવામાં આવેલ પરંતુ તેમની કોઈ વાત સમજતા નથી. હાલ થોડા દિવસ પહેલા ઘરે ૧૫ દિવસ ની રજા લઈને આવેલ છે ત્યારથી કોઈ વાતચીત કરતા નથી અને જે મહિલા સાથે અનૈતિક સંબંધ છે તેમની સાથેજ વિડિઓ કોલ કરી વાત કર્યા કરે છે. અને પીડિતાને નાની બાબતે ટોર્ચર કરે છે તેમજ ઘરમાં ઘરખર્ચ માટે પૈસા આપતા નથી તેમજ જ્યારથી ઘરે આવ્યા છે ત્યારથી બીજી સ્ત્રી સાથે લગ્ન કરવા છે જેથી મને ઘરમાંથી નીકળી જવા માટે કહે છે અને છૂટાછેડા માટે જબરદસ્તી કરે છે પીડિત મહિલા એ છૂટાછેડા આપવાની ના પડતા ઝગડા કરી ઘરમાંથી કાઢી મુક્યા હતા. એમ તમામ હકીકત જાણી.૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ દ્વારા પીડિત મહિલા ના પતિ નું અસરકારક કાઉન્સેલિંગ કરી કાયદાકીય સમજ આપતા જણાવેલ કે પત્ની હોવા છતાં લગ્ન બારના બીજી સ્ત્રી સાથે અનૈતિક સંબધો રાખવા એ ગુનો બને છે. અને બીજી સ્ત્રી સાથે લગ્ન કરવા છુટાછેડા માટે ઘરમાં માનસિક ત્રાસ આપી જબરદસ્તી કરવી એ પણ ગુનો બને છે. જે વિશે સમજ આપી લગ્નજીવન ના તૂટે તે માટે સમજાવવા બંને પક્ષે કાઉન્સેલિંગ કરી સમજાવેલ તેમજ બંને પક્ષે જે પણ ભૂલ થય હોય એ સુધારી હવે આગળ લગ્ન જીવન સારી રીતે જીવે તે માટે સલાહ સૂચન માર્ગદર્શન આપેલ પરંતુ પતિ એ જણાવેલ કે હવે તે પત્ની સાથે આગળ વધવા માંગતા નથી અને બીજી મહિલા સાથે લગ્ન કરવા માંગે છે જેથી પત્ની સાથે છૂટાછેડા લેવા માંગે છે. જેથી પીડિતાને પોલીસ કાર્યવાહી અને મહિલા સહાયતા કેન્દ્ર વિશે માહિતી આપેલ પીડિત મહિલા પોલીસ સ્ટેશનમાંથી આગળ કાર્યવાહી કરવા માંગતા હોવાથી અરજી અપાવેલ છે. આગળ કાર્યવાહી મહિલા પોલીસ સ્ટેશન દ્વારા થશે.

# નિઝર પોલીસ સ્ટેશનના હથોડા ગામે પ્રોહી રેડ તથા લોક જાગૃતિ માટે અવરનેશ પ્રોગ્રામ તથા શી-ટીમ દ્વારા સીનિયર સીટીઝનની મુલાકાત



(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : પોલીસ અધિક્ષક સાહેબશ્રી રાહુલ પટેલ તથા નાયબ પોલીસ અધિક્ષક સાહેબશ્રી આઈ. એન. પરમારની સુચના આધારે પ્રોહી – જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ થાય તેમજ અગામી સમયમાં મહારાષ્ટ્ર રાજયમાં વિધાન સભાની ચુંટણી યોજાનાર હોય જે અનુસંધાને આજરોજ નિઝર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાપી નદિના કિનારે આવેલ હથોડા ગામે અલગ અલગ વિસ્તારમાં પ્રોહી રેડ કરવામાં આવી જેમા અલગ – અલગ આરોપીઓ ઉપર ૦૪ જેટલા કેસો કરી ૧૨૦૦ લીટર જેટલો મહુડાના વોશનો નાશ કરવામાં આવેલ.તેમજ આ હથોડા ગામમાં દારૂની પ્રવૃતિ સદંતર બંધ થાય તે માટે લોક જાગૃતિ માટે અવરનેશ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં હથોડા ગામના આગેવાનો, ગામલોકો, મહિલાઓ તથા બાળકો હાજર રહેલ હતા અને આ કાર્યક્રમમાં ગામલોકોને દારૂના વ્યસનથી થતી અસરો અને પરીવારને પડતી મુશ્કેલીઓ બાબતે સમજ આપવામા આવી તેમજ મહિલાઓને સખી મંડળ યોજના તેમજ ગૃહ ઉધ્યોગ, પશુપાલન માટે બેંકમાંથી મળતી લોન વિશે માહિતગાર કરવામાં આવ્યા તેમજ ગામલોકોને અંધશ્રધ્ધા, કુરીવાજો, રૂઢીચુસ્તતા દુર કરી પોતાના બાળકોને શિક્ષણ તરફ દોરવા અપીલ કરવામાં આવી તેમજ ટ્રાફીક સબંધી, સાયબર ક્રાઈમ સબંધી, મહિલા અત્યાચાર તથા નવા કાયદા બાબતે માહિતી આપવામાં આવી.તેમજ નિઝર પોલીસ સ્ટેશનની શી ટીમ સાથે હથોડા ગામના અંધ મહિલા સીનીયર સિટીઝન હિયાસુબેન હિરજીભાઈ પાડવીની મુલાકાત કરવામાં આવી તેમજ તેમના હાલચાલ પુછતા તેઓ ઘણા વર્ષોથી એકલા રહે છે અને એમના પરીવારમાં આગળ – પાછળ કોઇ નથી તેમજ તેમની જરૂરીયાત વિશે પુછતા તેમને રેશનીંગની જરૂરીયાત હોય જેથી તેઓને જીવન જરૂરીયાત રાશનીગ કીટ આપવામાં આવી તેમજ ભવિષ્યમાં પણ કાઇ જરૂરીયાત પડે તો પોલીસનો સંપર્ક કરવા જણાવેલ તેમજ તેઓને અન્ય યોજનાઓનો લાભ મળી રહે તે માટે મામલતદારશ્રીને રીપોર્ટ કરવામાં આવેલ.

# ગુજસીટોકના આરોપીના ઘરે વીજ કંપનીની રેડ: અધિકારીઓ પોલીસ સાથે પહોંચ્યા



**સુરત,** ઓર્ગેના ઈઝડ ક્રાઈમ માં એક વખત સક્રિય રહેલા આરીફ મીંડીના ઘરે વીજ વિભાગના અધિકારી ઓ પોલીસ કાફલા સાથે પહોંચ્યા હતા. આરોપી આરીફ મીંડીના ઘરે વીજ વિભાગ (ટોરેન્ટ કમ્પની)ના અધિકારી ઓએ રેડ કરી તપાસ હાથ ધરી, ત્યારે વીજ મીટરમાં ચેડાં કરી વીજ ચોરી કરવામાં આવતી હોવાની હકીકત સામે આવી હતી. આઠ લાખથી પણ વધુની વીજ ચોરી અધિકારીઓએ ઝડપી પાડી છે.હુમલાની આશંકાએ વીજ કંપની પોલીસ સાથે પહોંચીસુરત શહેરના અઠવા વિસ્તારમાં ઓર્ગેનાઈઝડ ક્રાઈમ માટે બદનામ આરીફ મીંડી અને તેની ગેંગ પર વર્ષ ૨૦૨૨માં ગુજસીટોકનો ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી. માથાભારે આરીફ વિરુદ્ધ અનેક ફરિયાદ દાખલ છે. ત્યારે તેના ઘરે વીજ વિભાગના અધિકારીઓ તપાસ માટે પહોંચી ગયા હતા. વીજ વિભાગના અધિકારીઓને માહિતી મળી હતી કે, આરોપીના ઘરે વીજ ચોરી થાય છે. જોકે, વીજ વિભાગના અધિકારીઓ હુમલાની આશંકાને ધ્યાનમાં રાખી પોલીસ બંદોબસ્ત સાથે તેના ઘરે પહોંચ્યા હતા. આરીફનું ઘર ખંડેરાવપુરા સ્થિત છે, જ્યાં વીજ વિભાગના અધિકારી ઓએ રેડ કરી હતી. એલસીબી ઝોન ચારના પોલીસને સાથે રાખીને આ રેડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આરોપીના પરિવાર દ્વારા વીજ મીટરમાં છેડા કરી વીજ ચોરી કરવામાં આવતી હતી. બીજ વિભાગના અધિકારી ઓએ ૮ લાખથી વધુની ચોરી ઝડપી પાડી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પુત્ર પણ હવાલા રેકેટમાં સામેલહાલમાં જ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ એ આરીફ મીંડીના પુત્ર ઉબેદની ધરપકડ ઈન્ટરનેશનલ હવાલા રેકેટમાં કરી છે. તેની ઉપર આરોપ છે કે, હવાલાના પૈસાથી તે મોંઘા દાદ મોબાઈલ, બુરખા અને સોનુ લઈને દુબઈથી સુરત લઈને આવતો હતો. હાલ તે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ગીરફ્ત છે અને તેની પૂછપરછ પણ ચાલી રહી છે.૨૦૨૨ વર્ષમાં કાર્યવાહી કરવામાં આવી હતીએક સમયે સુરતમાં સક્રિય આરીફ મીંડી સહિત તેની ગેંગના ૭ બદમાશો વિરૂદ્ધ અઠવા પોલીસે ગુજસીટોક નો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઓર્ગેનાઈઝ ક્રાઈમ કરતી આ ગેંગ વિરૂદ્ધ હત્યાનો પ્રયાસ, અપહરણ, ખંડણી, મારા-મારી, આર્મ્સ એક્ટ સહિત અનેક ગુના શહેરના અલગ-અલગ પોલીસ મથકે નોંધાઇ ચૂક્યા છે. ત્યારે પોલીસ વિભાગ દ્વારા શહેરના નાનપુરા કાદરશાની નાળ વિસ્તારમાં સક્રિય આ ગેંગ સામે ગુજસીટોકનું હથિયાર ઉગામવા માં આવ્યું હતું.

# સુરત પાલિકાનો પઇ કોન્સેપ્ટ: કપડા, પગારખા, રમકડા, પુસ્તકો સહિતની ચીજ-વસ્તુઓનું મોટી માત્રામાં કલેક્શન થયુ,




**સુરત,** સુરત મહા નગરપાલિકા દ્વારા ૩ઈમાંથી આગળ વધીને ૫ઈ કોન્સેપ્ટ શરૂ કરાયો છે. શહેરના દરેક વોર્ડમાં ૫ઈ સાથેના કલેક્શન સેન્ટર ઊભા કરી દેવાયા છે. દિવાળી સમયે લોકો પોતાના ઘરની જૂની ચીજ-વસ્તુઓ બહાર ફેંકી દેતા હોય છે, તેમાં ઘણી બધી જરૂરીયાત મંદો માટે ઉપયોગી પુરવાર થઈ શકે છે. ત્યારે આ વસ્તુઓ એક જ જગ્યાએ એકત્ર થાય અને તેનો ઉપયોગ કરી શકાય, આ માટે મહા નગર પાલિકાએ ૫ઈ કોન્સેપ્ટની શરૂઆત કરી છે. લોકો આ સેન્ટરનો સંપર્ક કરી શકે આ માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૨૨ ૮૦૦૦ પણ પાલિકા દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.કલેક્શન સેન્ટરોને સારો પ્રતિસાદઆજદિન સુધીમાં ૨૨૧૪ યુનિટ પગરખા, ૬૪૮૭૪ કપડા, ૧૫૦૭ યુનિટ રમકડા, ૧૨૧૭ કિલો ચોપડા, ૨૪૨ કિલો ઈલેક્ટ્રોનિક વસ્તુઓ, વોર્ડ ઓફિસો તથા ૫ઈ સેન્ટરો પર એકઠા થયા છે. આ વસ્તુઓનું સેન્ટર હોમ્સ તથા સ્લમ વિસ્તારોમાં વહેંચવા ની શરૂઆત કરવામાં આવી છે. જેના પગલે ૫ઈ સેન્ટર ખાતેથી ઝોન દ્વારા ૨૭૦ પગરખાની જોડ, ૧૭૪૨ યુનિટ કપડા, ૩૭૦ રમકડા, ૩૬૩ જુના ચોપડા તેમજ ૮૧ જેટલી અન્ય વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું છે. રાંદેર ઝોન વિસ્તારમાં આવેલા સેવન સ્ટેપ શાળા દ્વારા આશરે ૫૦૦ જેટલા જૂના કાપડા, રમકડા વિનામુલ્યે કલેક્શન કરી જરૂરીયાત મંદોને ડિસ્ટ્રીબ્યુટ કરવામાં આવે છે.ડાંગ જેવા વિસ્તારમાં પણ વિતરણ કરીશુંઆરોગ્ય સમિતિના ચેરમેન નેન્સી શાહે જણાવ્યું કે, જે પ્રકારે મહા નગર પાલિકાએ ૫ઈનો કોન્સેપ્ટ વિચાર્યો છે તે ખરેખર ખૂબ જ લાભદાય પુરવાર થઈ રહ્યો છે. શહેરભરની તમામ શાળાઓ અને રહેણાંક વિસ્તારના લોકો દ્વારા કલેક્શન સેન્ટર ઉપર ખૂબ મોટા પ્રમાણમાં ચીજવસ્તુ આપવામાં આવી રહી છે. હાલ જેટલી ચીજ વસ્તુઓ એકત્રિત થઈ રહી છે, તેમને દરેક બોર્ડની અંદર જરૂરિયાત મંદ સુધી પહોંચાડવામાં આવી રહ્યું છે.આપણને નકામી લાગતી વસ્તું કોઈકને આનંદ આપી શકે છેઅમારું લક્ષ એવું છે કે, ઘણી બધી ચીજ વસ્તુઓ અમે ડાંગ જેવા આદિવાસી વિસ્તારમાં કે જે ખૂબ જ અંતરિયાળ છે તે ગામો સુધી પહોંચાડીએ. શહેરના લોકો પણ ખૂબ જ જાગૃત અને ઉત્સાહી છે અને તેઓ દરેક પહેલને આવકારી લે છે. આજે ઘણી બધી એવી ચીજવસ્તુઓ મળી રહે છે કે જેનાથી નાના બાળકોથી લઈને વડીલોને આપીએ તો તેઓ પણ એ ચીજ વસ્તુ જોઈને ખુશ થઈ જાય અને તેમને પણ દિવાળીનો આનંદ થાય. જે વસ્તુ આપણને નકામી લાગે તે કોઈના ખુશીનો અને આનંદનું કારણ બની શકે છે.

ગુજરાત રક્ષા

તંત્રી સ્થાનેથી

## અજીતે ભાજપના બે બળવાખોરો અને જીશાન સિદ્દીકીને ટિકિટ આપી

મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં એનસીપી (અજીત પવારે) ભારે ખેલ પાડયો છે. કોંગ્રેસના ધારાસભ્ય જીશાન સિદ્દીકી એનસીપી (અજીત પવાર)માં જોડાઈ ગયા છે અને એમને બાન્દ્રા પૂર્વની બેઠક પર ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. બહુત બદનામ નવાબ મલિકના પુત્રી સના મલિકને અણુશક્તિનગરની ટિકિટ આપી છે. નાદેદ લોકસભા બેઠક પરથી હારી ગયેલા ભાજપના સાંસદ પ્રતાપ ચિખલીકર પણ ભાજપ છોડી એનસીપી (અજીત પવાર)માં જોડાઈ ગયા છે. ચિખલીકરને લોહા વિધાનસભાની ટિકિટ એનસીપી (અજીત પવાર)એ આપી છે. એ જ રીતે ભાજપના ભૂતપૂર્વ સાંસદ સંજય કાકા પાટીલ પણ ભાજપ છોડી એનસીપી (અજીત પવાર) સાથે જોડાયા અને એમને પણ એનસીપી (અજીત પવારે) સાંગલી બેઠકની ટિકિટ આપી છે. પોતાના જ સાથીપક્ષ ભાજપના નેતાઓને એનસીપી અજીત પવાર તોડી રહ્યા છે અને ભાજપએ તમામ તકલીફો છતાં ચૂપ રહેવું પડે છે.ભાજપના આંતરીક ઝઘડાને કારણે નેતાઓ કોંગ્રેસમાં જોડાશે : ગોગોઈ૧૩મી નવેમ્બરે આસામમાં પેટા ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીની તૈયારી તમામ પક્ષો કરી રહ્યા છે ત્યારે કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઇએ એવો દાવો કર્યો છે કે, લોકો કોંગ્રેસના ઉમેદવારોની યાદી જોઈને ખુશ થયા છે તો બીજી તરફ ભાજપમાં આંતરીક ચરૂ ઉકળી રહ્યો છે. ભાજપના કેટલાક નેતાઓ કોંગ્રેસમાં જોડાવા માંગે છે. આસામના મુખ્યમંત્રી હિંમત બિસવા સરમા ભાજપમાં જોડાયા પછી ભાજપના જૂના કાર્યકર્તાઓની અવગણના કરી રહ્યા છે. દુભાયેલા ભાજપના જૂના કાર્યકર્તાઓ પણ ભાજપ છોડી રહ્યા છે. આસામ વિધાનસભાની પાંચ બેઠકો પર ચૂંટણી થવાની છે. સ્થાનીક રાજકીય નિરીક્ષકોના કહેવા પ્રમાણે લોકોનો મિજાજ જોતાં વાતાવરણ કોંગ્રેસ તરફી દેખાઈ રહ્યું છે. મહારાષ્ટ્રના બારામતિમાં કાકા - ભત્રીજા વચ્ચે મૂકાબલોમહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીની તૈયારી જોરમાં ચાલી રહી છે. એનસીપી (શરદ પવારે) ઉમેદવારોની યાદી જાહેર કરી તેમાં સૌથી વધુ ચર્ચા બારામતિ બેઠકની થઈ રહી છે. આ બેઠક પર એનસીપી (અજીત પવાર)ના પ્રમુખ અજીત પવારની સામે શરદ પવારના પૌત્ર યોગેન્દ્ર પવારને શરદ પવારે ટિકિટ આપી છે. યોગેન્દ્ર પવાર, અજીત પવારના નાનાભાઈ શ્રીનિવાસ પવારના પુત્ર છે. એનસીપી (શરદ પવાર) મહારાષ્ટ્રના પ્રમુખ જયંત પાટીલે તો બારામતિની બેઠક પર અજીત પવારને કોઈપણ હિસાબે હરાવવાનો સંકલ્પ કર્યો છે. પાટીલના કહેવા પ્રમાણે લોકસભાની ચૂંટણી પછી તરત જ તેમણે બારામતિ મતવિસ્તારમાં કામગીરી શરૂ કરી દીધી હતી. બારામતિના મતદારોને નવા યુવાન ચહેરાની જરૂર હતી અને યોગેન્દ્ર પવાર બધી રીતે યોગ્ય ઉમેદવાર છે. કોંગ્રેસે ઉત્તર પ્રદેશ વિધાનસભાની પેટા ચૂંટણી ન લડી તે પાછળનું કારણઉત્તર પ્રદેશમાં વિધાનસભાની નવ બેઠકો પર પેટા ચૂંટણી યોજાઈ રહી છે. એમ કહેવાય છે કે અખિલેશ યાદવે આ નવમાંથી ફક્ત બે બેઠકો કોંગ્રેસને આપવા માટે તૈયારી બતાવી હતી. કોંગ્રેસના નેતાઓને લાગ્યું હતું કે સપા સાથે વધુ ખેચતાણ કરવામાં આવશે તો ઈન્ડી ગઠબંધન પર અસર પહોંચશે. છેવટે કોંગ્રેસે આ બે બેઠકો સ્વિકારવાની પણ ના પાડી દીધી હતી. કોંગ્રેસને ઉત્તર પ્રદેશ વિધાનસભા પેટા ચૂંટણીની મઝવા, ફુલપુર, ગાઝિયાબાદ, ખૈર અને મિરાપુર બેઠકો જોઈતી હતી. સપાએ ગાઝિયાબાદ અને ખૈરની બે બેઠકો કોંગ્રેસને આપવા તૈયારી બતાવી, જે માટે કોંગ્રેસ તૈયાર નહોતી. કોગ્રેસ હાઇકમાન્ડે લાંબુ વિચારીને નક્કી કર્યું કે કજિયાનું મો કાળુ. કોંગ્રેસ માને છે કે, ભાજપને હરાવાવવાની અગત્યતા સૌથી વધુ છે. તલવારધારી ૧૫૦ લોકોએ કેનેડામાં ભારતીય રાજદુતને ઘેર્યાકેનેડા સાથેના વિવાદ પછી પરત ભારત આવેલા ભારતીય રાજદુત સંજય વર્મા દિલ્હીમાં કેટલીક ખાસ વ્યક્તિઓને મળીને કેનેડામાં થયેલા કડવા અનુભવો વિશે જણાવી રહ્યા છે. સંજય વર્માએ કહ્યું છે કે, ‘કેનેડાએ કોઈપણ કારણ વગર અમને ટાર્ગેટ કરવાનું શરૂ કરી દીધું હતું. હું અલ્બટાના એક શહેરમાં ગયો હતો જ્યાં ભારતીય મૂળના લોકોએ ડીનર રાખ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે બિઝનેસ ઈવેન્ટનું આયોજન પણ થયું હતું. આ કાર્યક્રમમાં કેનેડાના વેપારીઓ પણ આવ્યા હતા. હોલમાં કાર્યક્રમ ચાલુ હતો ત્યારે બહાર ૧૫૦ જેટલી વ્યક્તિઓ ખાલિસ્તાન ઝિંદાબાદના નારા લગાવીને હવામાં તલવાર સાથે સૂત્રોચ્ચાર કરતી હતી. અમે બધા ડરી ગયા હતા, પરંતુ કેનેડા ઓથોરીટીએ કોઈ પગલા ભર્યા નહોતા.‘ દિલ્હી પરત ફર્યા પછી સંજય વર્મા દિલ્હીના અગત્યના લોકોને મળી રહ્યા છે અને કેનેડાના રવૈયા વિશે વાત કરી રહ્યા છે. દિલ્હીમાં મનાય છે કે પાકિસ્તાની એજન્સીની ચઢામણીને કારણે કેનેડાની સરકાર ભારતીયોને હેરાન કરી રહી છે. આ બાબતે હવે આપણા દેશનું વિદેશ મંત્રાલય શું કરે છે એ જોવું રહ્યું.નિવૃત્તિ પહેલાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશે પત્રકારોને ખુશ કર્યાદેશના ૫૦માં મુખ્ય ન્યાયાધિશ ડીવાય ચંદ્રચુડ ૧૦મી નવેમ્બરે નિવૃત્ત થઈ રહ્યા છે. નિવૃત્તિ પછી થોડા દિવસો સુધી તેમણે આરામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ૨૦૨૨ના નવેમ્બર મહિનામાં ડીવાય ચંદ્રચુડ સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશ બન્યા હતા. પત્રકારો સાથે કરેલી અનૌપચારીક વાતચીતમાં એમણે જાહેર કર્યું હતું કે હવેથી સુપ્રિમ કોર્ટની કામગીરી કવર કરતા પત્રકારોને એક્રેડિટેશન મેળવવા માટે એલએલબીની ડિગ્રી મેળવવી જરૂરી નહી રહે. એક્રેડિટેટ પત્રકારોને સુપ્રિમ કોર્ટના કંપાઉન્ડમાં વાહનો પાર્ક કરવાની પરવાનગી આપવાનું પણ ડીવાય ચંદ્રચુડે નક્કી કર્યું છે. સંસદીય સમિતિનો સામનો કરતા સેબી પ્રમુખ કેમ ડરે છે : રાહુલ ગાંધીપાર્લામેન્ટ એકાઉન્ટ કમિટિ (પીએસી) સામે સેબી પ્રમુખ માધવી બુચ હાજર થયા નહોતા. આ બાબતે રાહુલ ગાંધીએ સોશિયલ મિડિયા એક્સ પર સવાલ કર્યો છે.

# જગન- શર્મિલા વચ્ચે ૨૫ હજાર કરોડના શેર માટે કાનૂની જંગ





**- સરસ્વતી પાવરના એક શેરની કિંમત લગભગ ૧૯,૦૦૦ રૂપિયા છે. જગન, તેની પત્ની અને તેમની કંપનીના નામે ૧,૨૬,૭૬,૨૯૪ શેર હતા એ જોતાં શેરની કિંમત જ ૨૫ હજાર કરોડ રૂપિયાની આસપાસ છે. બેંગલુરુના ઉપનગર યેલાહંકામાં કરોડોની ૨૦ એકર જમીન પણ વિજયમ્માના નામે ટ્રાન્સફર કરી દેવાઈ હોવાનો જગને આક્ષેપ કર્યો છે. શર્મિલાએ જગનને લખેલા પત્રમાં આક્ષેપ મૂકેલો કે, જગને સ્વર્ગસ્થ પિતા વાય.એસ. રાજશેખર રેડ્ડીને વચન આપેલું કે, સરસ્વતી પાવર એન્ડ ઈન્ડસ્ટ્રીઝના શેર માતા વિજયમ્માના નામે કરશે. વિજયમ્મા અને જગન વચ્ચે ગિફ્ટ ડીડ પણ થયેલું. હવે જગન કરારનું પાલન કરવા નથી માગતો કેમ કે તેમના મનમાં ચોર છે.**

રાજકારણમાં એક જ પરિવારનાં લોકો સામસામે આવી જાય એ નવી વાત નથી પણ રાજકીય લડાઈ અંગત લડાઈ બને એવું બહુ બનતું નથી. આંધ્ર પ્રદેશમાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રમુખ વાય.એસ. શર્મિલા અને આંધ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જગન મોહન રેડ્ડી રાજકીય રીતે સામસામે છે જ પણ હવે અંગત રીતે પણ સામસામે આવી ગયાં છે. શર્મિલા અને જગન વચ્ચે ૨૫ હજાર કરોડ રૂપિયાથી વધારેના શેર સહિતની સંપત્તિના મુદ્દે જંગ જામ્યો છે.

જગને નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (એનસીએલટી)માં બહેન શર્મિલા સામે ફરિયાદ કરી છે. જગનનો આક્ષેપ છે કે, શર્મિલાએ સરસ્વતી પાવર એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પોતાના અને પોતાની પત્ની ભારતીના નામે જે શેર હતા એ પોતાના તથા માતા વિજયમ્માના નામે ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરી લીધા છે. જગને ૯ સપ્ટેમ્બરે એનસીએલટીની હૈદરાબાદ બેન્ચ સમક્ષ કરેલી અરજીમાં દાવો કર્યો છે કે, જગનના ૭૪,૨૬,૨૯૪ ઈક્વિટી શેર, ભારતીના ૪૦,૫૦,૦૦૦ શેર અને ક્લાસિક રિયાલિટી પ્રાઈવેટ લિમિટેડના ભૂતપૂર્વ સરસ્વતી પાવર ડિરેક્ટર્સના ૧૨,૦૦,૦૦૦ શેર તેની માતા તેની માતા વિજયમ્માને ટ્રાન્સફર કરી દેવાયા છે. સરસ્વતી પાવરના એક શેરની કિંમત લગભગ ૧૯,૦૦૦ રૂપિયા છે.

જગન, તેની પત્ની અને તેમની કંપનીના નામે ૧, ૨૬, ૭૬,૨૯૪ શેર હતા એ જોતાં શેરની કિંમત જ ૨૫ હજાર કરોડ રૂપિયાની આસપાસ છે. આ સિવાય બેંગલુરુના ઉપનગર યેલાહંકામાં કરોડોની ૨૦ એકર જમીન પણ વિજયમ્માના નામે ટ્રાન્સફર કરી દેવાઈ હોવાનો જગને આક્ષેપ કર્યો છે. જગને સરસ્વકી પાવર એન્ડ ઈનડસ્ટ્રીઝ કંપનીના રજિસ્ટરમાં સુધારો કરીને ફરી પોતાના નામે શેર ટ્રાન્સફર કરીને શેરધારકો તરીકે પોતાનાં નામ દાખલ કરવા અરજી કરી હતી.

એનસીએલટીએ શર્મિલાને નોટિસ આપી પછી શર્મિલાએ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ ભાઈ જગન મોહન રેડ્ડીને લખેલા પત્રમાં આક્ષેપ મૂકેલો કે, જગન પિતાને આપેલા વચનમાંથી ફરી જવા માગે છે. શર્મિલાના કહેવા પ્રમાણે, જગને તેમના સ્વર્ગસ્થ પિતા વાય.એસ. રાજશેખર રેડ્ડીને વચન આપેલું કે, સરસ્વતી પાવર એન્ડ ઈન્ડસ્ટ્રીઝના શેર માતા વિજયમ્માના નામે કરશે. આ અંગે વિજયમ્મા અને જગન વચ્ચે ગિફ્ટ ડીડના કરાર પણ થયા હતા પણ હવે જગન આ કરારનું પાલન કરવા નથી માગતો કેમ કે તેમના મનમાં ચોર છે.

જગને ગિફ્ટ ડીડ થયો હોવાનું સ્વીકાર્યું છે પણ સાથે સાથે એવી દલીલ પણ કરી છે કે, પોતે આ શેર બહેન પ્રત્યેના શુધ્ધ પ્રેમ અને સ્નેહવશ ભેટમાં આપવા માગતો હતો પણ તેમાં પણ એ શરત હતી કે, ઈડી સહિતની કેન્દ્રીય એજન્સીઓએ જગન તથા તેના પરિવારજનો સામેના કેસોના નિરાકરણ પછી શેર તથા અન્ય મિલકતો ન ટ્રાન્સફર કરવામાં આવશે. જગનના કહેવા પ્રમાણે, હજુ ઈડી સહિતની એજન્સીઓના કેસ તો ઉભા જ છે ત્યાં એ પહેલાં તેમને ૧૯ જુલાઈએ જાણવા મળ્યું કે સરસ્વતી પાવર બોર્ડે ૬ જુલાઈના રોજ જગન અને ભારતીનું સરસ્વતી પાવર કંપનીમાં સમગ્ર શેરહોલ્ડિંગ તેમની માતા વિજયમ્માને ટ્રાન્સફર કરી દીધું છે.

શર્મિલાના કહેવા પ્રમાણે, જગને અરજીમાં જૂઠાણાં ફેલાવ્યાં છે. જગને પહેલાં જ તેમની માતા વિજયા લક્ષ્મી ઉર્ફે વિજયમ્માને ગિફ્ટ ડીડ આપીને તેમના નામે તમામ શેર ટ્રાન્સફર કર્યા હતા. એ વખતે જગનને એવું હતું કે, ભવિષ્યમાં એકના એક પુત્ર તરીકે તેમને જ આ બધું મળશે પણ શર્મિલા અને જગન રાજકીય રીતે સામસામે આવી ગયાં પછી જગનને લાગવા માંડયું છે કે, વિજયમ્મા પોતાની બધી સંપત્તિ બહેન શર્મિલાને આપી શકે છે. આ કારણે જગનને ભેટમાં આપેલી સંપત્તી પાછી જોઈએ છે. જગન ગિફ્ટ ડીડની વાતને પણ નકારી રહ્યો છે.

શર્મિલા એનસીએલટી નોટિસનો જવાબ પુરાવા સાથે આપવાની છે ને તેના આધારે એનસીએલટી શું નિર્ણય લે છે એ જોવાનું રહે છે પણ આ મામલો અબજો રૂપિયાનો છે તેથી જોરદાર જંગ જામશે એ નક્કી છે. શેર જ ખાલી ૨૫ હજાર કરોડ રૂપિયાના છે. શર્મિલા કોંગ્રેસમાં જોડાયાં અને આંધ્ર વિધાનસભાની ચૂંટણીમાં જગન મોહનની પાર્ટીને કારમી હાર મળી એ પછી તો બંને વચ્ચે સમાધાનની કોઈ શક્યતા જ નથી રહી એ જોતાં જગન કે શર્મિલા બંનેમાંથી કોઈ નમતું જોખે એવી શક્યતા નથી તેથી જોરદાર જંગ જામશે.

જગન અને શર્મિલા વચ્ચેનો કાનૂની જંગ ભાઈ અને બહેનની લવ સ્ટોરીમાં એન્ટિ ક્લાઈમેક્સ જેવો છે કેમ કે એક સમયે ભાઈ-બહેન એક થઈને હરીફો સામે લડતાં હતાં. જગન- શર્મિલાના પિતા વાય.એ. રાજશેખર રેડ્ડી આંધ્રમાં કોંગ્રેસી મુખ્યમંત્રી હતા. ૨૦૦૬માં વિમાની દુર્ઘટનામાં રાજશેખર રેડ્ડીના નિધન પછી જગને પોતાને મુખ્યમંત્રી બનાવવાની માગ કરી હતી પણ કોંગ્રેસે જગનને ના ગણકારતાં જગને બગાવત કરીને ૨૦૧૧માં પોતાની પાર્ટી બનાવી ત્યારે શર્મિલાને વાયએસઆર કોંગ્રેસમાં કન્વીનર બનાવ્યાં હતાં.

કોંગ્રેસની કેન્દ્ર સરકારે જગનને દબાવવા માટે ૨૦૧૨માં ભ્રષ્ટાચારના આરોપહેઠળ જેલમાં પૂરી દેતાં તેની પાર્ટી પતી જશે એવું લાગતું હતું પણ માતા વિજયમ્મા અને શર્મિલાએ મોરચો સંભાળીને પાર્ટીની જીવતી રાખી હતી. જગન સાથે કોંગ્રેસ છોડીને આવેલા ૧૮ ધારાસભ્યોના રાજીનામાના કારણે ખાલી પડેલી બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ ત્યારે શર્મિલાએ પ્રચારની કમાન સાંભાળીને ૧૮માંથી ૧૫ વિધાનસભા બેઠકો અને ૧ લોકસભા બેઠક જીતાડીને વાયએસઆર કોંગ્રેસને શાનદાર શરૂઆત કરાવી હતી.

શર્મિલાએ ૧૮ ઓક્ટોબર, ૨૦૧૨ના રોજ ૩૦૦૦ કિલોમીટરની પદયાત્રા કરી હતી. ૧૦ મહિના ચાલેલી પદયાત્રા ૧૪ જિલ્લામાં ફરી તેથી વાયએસઆર કોગ્રેસનું સંગઠન બન્યું. જગન ૨૦૧૯માં ચૂંટણી જીતીને મુખ્યમંત્રી બન્યા ત્યારે પણ શર્મિલાએ આખા આંધ્ર પ્રદેશની બસ યાત્રા કરી હતી. શર્મિલાએ ચંદ્રાબાબુ નાયડુને ટાર્ગેટ કરીને શરૂ કરેલી ‘બાય બાય બાબુ‘ યાત્રાએ જગનની જીતનો માહોલ બનાવેલો. શર્મિલા આ યાત્રા દરમિયાન પોતાના ઓટોગ્રાફ સાથેની કેપ આપતાં એ લેવા લોકો પડાપડી કરી મૂકતાં હતાં. જો કે શર્મિલાએ તેલંગાણામાં પાર્ટીનો વિસ્તાર કરવાનું કહ્યું પણ જગન ના માન્યો તેમાં વિખવાદ શરૂ થયો. ગયા વરસે શર્મિલા કોંગ્રેસમાં જોડાતાં ભાઈ-બહેન સામસામે આવી ગયાં ને હવે કાનૂની જંગમાં સામસામે છે.

શર્મિલાએ બ્રાહ્મણ અનિલને લગ્ન માટે ખ્રિસ્તી બનવાની શરત મૂકેલી શર્મિલાએ ૧૯૯૫માં બ્રાહ્મણ પરિવાર માંથી આવતા મોરુસુપલ્લી અનિલ કુમાર સાથે લગ્ન કરેલાં. રાજશેખર રેડ્ડી પરિવાર ખ્રિસ્તી હોવાથી શર્મિલા ખ્રિસ્તી ધર્મ પાળતી હતી તેથી બ્રાહ્મણ અનિલ પણ શર્મિલાને પરણવા લગ્ન પહેલાં ધર્માંતરણ કરીને ખ્રિસ્તી બની ગયો હતો. શર્મિલાએ લગ્ન માટે ખ્રિસ્તી બનવાની શરત મૂકી હોવાથી અનિલે ધર્માંતરણ કર્યું હોવાની વાતો ચાલી હતી.

ખ્રિસ્તી બન્યા પછી બ્રધર અનિલ કુમાર તરીકે ઓળખાતો શર્મિલાનો પતિ એવાંગેલિસ્ટ એટલે કે ખ્રિસ્તી ધર્મ પ્રચારક તરીકે કામ કરે છે. અનિલ ધર્માંતરણ માટે અનિલ વર્લ્ડએવાન્ગેલિઝમ મિશન ચલાવે છે અને પ્રવચનો આપીને અન્ય ધર્મનાં લોકોને ખ્રિસ્તી બનાવે છે. હૈદરાબાદમાં જીસસ ક્રાઈસ્ટ બ્લેસિંગ નામે થતી અનિલની પ્રાર્થનાસભામાં હજારો લોકો ઉમટી પડતાં. હવે અનિલ ઓનલાઈન પ્રચાર વધારે કરે છે.

શર્મિલા અનિલનો દીકરો વાય. એસ. રાજા રેડ્ડી અમેરિકા માં ટોપ આઈટી કંપનીમાં નોકરી કરે છે. રાજાએ આંધ્રમાં ટોચના બિઝનેસ ફેમિલીની દીકરી પ્રિયા અતલુરી સાથે લગ્ન કર્યાં છે. કમ્મા જ્ઞાાતિના અતલુરી પરિવારના ચંદ્રાબાબુ નાયડુ સાથે ગાઢ સંબંધો છે કેમ કે ચંદ્રાબાબુ પણ કમ્મા છે.

પ્રિયાના દાદા અતલુરી રામારાવ આંધ્ર પ્રદેશમાં મંત્રી જયારે કાકા અતલુરી શ્રીનિવાસ સાંસદ હતા. પ્રિયા અમેરિકામાં ફાયનાન્સ એનાલિસ્ટ છે. અમેરિકામાં ભણતી હતી ત્યારે રાજાના પ્રેમમાં પડેલી.જગન પાસે ૩ લાખ કરોડની સંપત્તિ, દેશમાં સૌથી ધનિક રાજકારણી

જગન અને શર્મિલાના વિવાદે ભારતમાં રાજકારણીઓના ચાવવાના અને બતાવવાના જુદા જુદા હોય છે તેનો પુરાવો છે. આંધ્ર પ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં જગન મોહન રેડ્ડીએ પોતાની તથા પોતાના પરિવારની કુલ સપંત્તિ ૭૫૭ કરોડ રૂપિયા દર્શાવી હતી પણ તેની બહેન સાથે સંપત્તો વિવાદ જ ૨૫ હજાર કરોડ રૂપિયાથી વધારેનો છે એ જોતાં જગન પાસે ખરેખર કેટલી સંપત્તિ હશે એ કહેવું મુશ્કેલ છે. જગન પાસે કુલ ૩ લાખ કરોડ રૂપિયાની સંપત્તિ હોવાનું કહેવાય છે. ૨૦૨૩માં ટીડીપીના નેતા યાનામાલા રામકૃષ્ણાડુએ આક્ષેપ કર્યો હતો કે, જગને મુખ્યમંત્રી બન્યા પછી લગભગ ૨.૫૦ લાખ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ પૈકીની મોટા ભાગની સંપત્તિ બેનામી છે તેથી તેને શોધવી મુશ્કેલ છે પણ જગન પાસે ૩ લાખ રોડ રૂપિયાની સંપત્તિ હોવાનું કહી શકાય. કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારે ચૂંટણીની એફિડેવિટમાં ૧૪૧૩ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી હતી. શિવકુમાર ભારતના સૌથી ધનિક ધારાસભ્ય મનાય છે પણ જગન પાસે તેમના કરતાં અનેક ગણી સંપત્તિ હશે. જગનના બિઝનેસનો પથારો બહુ મોટો છે. આંધ્ર પ્રદેશમાં સાક્ષી ટીવી અને સાથી અખબાર ઉપરાંત ભારતી સીમેન્ટ સહિતની ઘણી કંપનીઓ જગનના નામે બોલે છે.

# પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, વ્યારા ખાતે કેવીકે તાપી અને આત્મા તાપીના સંયુક્ત ઉપક્રમે ખેડૂત દિન -વ -ડાંગર પાક પરિસંવાદ કાર્યક્રમ યોજાયો




**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા સંચાલિત પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા માન. કુલપતિશ્રી ડૉ.ઝેડ. પી. પટેલની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, કેવીકે તાપી અને આત્મા તાપીના સંયુક્ત ઉપક્રમે તા.૨૩/૧૦/૨૦૨૪ ના રોજ ખેડૂત દિન -વ -ડાંગર પાક પરિસંવાદ કાર્યક્રમ યોજાયો. સદર કાર્યક્રમમાં તાપી જિલ્લાના ૫૦૦ થી વધુ ખેડૂત ભાઈ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમના અધ્યક્ષ ડો. ઝેડ. પી. પટેલ, માન. કુલ્પતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા મહિલા ખેડૂતો દ્વારા કરવામાં આવતા વિવિધ ખેતી કાર્યોને બિરદાવ્યા હતા. વધુમાં તેમણે જમીન સુધારણા માટે તથા જમીનમાં કાર્બનની માત્રા વધારવા માટે બાયોચારની ઉપયોગીતા વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડો. ઝેડ. પી. પટેલ એ બાયોચાર થકી કૃષિક્ષેત્રે ક્રાંતિ લાવી શકીએ એમ છે જે કાળી ક્રાંતિના નામે પ્રચલિત થશે એવું વિઝન પ્રદર્શિત કર્યું હતું. વધુમાં મહિલા ખેડૂતોએ શરૂ કરેલ ગૃહઉદ્યોગો થકી ઉત્પાદિત મૂલ્ય વર્ધિત બનાવટોને યોગ્ય પેકેજીંગ કરી વેચાણ કરે જેથી યોગ્ય મૂલ્ય મળી શકે એ માટે કૃષિ વિભાગો અને કેવીકે તાપીને વિવિધ જાગૃતતા કાર્યક્રમો યોજવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમની શરુઆતમાં ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્રના ફાર્મની મુલાકાત કરવામા આવી હતી. કાર્યક્રમનાં મુખ્ય મહેમાનશ્રી વી. એન. શાહ (IAS), જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તાપીએ કૃષિક્ષેત્રે રસાયણોનો ઉપયોગ ઘટે અને સ્વાસ્થ્યવર્ધક ખેત ઉત્પાદનો મેળવતા થાય એ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતુ. વધુમાં તેમણે જમીનનું સ્વાસ્થ્ય સુધારવા માટે બાયોચારના ઉપયોગ કરવા ખેડૂતોને પ્રેરિત કર્યા હતા.ડો. ટી. આર. અહલાવત, માન. સંશોધન નિયામકશ્રી, ન. કૃ. યુ. નવસારીએ ખેડૂતોને જુદા જુદા પાકો ઉપર થતાં સંશોધન વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. વધુમાં તેમણે પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્રનાં વિવિધ સંશોધન લક્ષી કાર્યોને બિરદાવ્યા હતા.ડો. એચ. આર. શર્મા, માન. વિસ્તરણ શિક્ષણ નિયામક શ્રી, ન. કૃ. યુ. નવસારી દ્વારા કરવામાં આવતી કૃષિ વિસ્તરણની પ્રવૃત્તિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરી ડાંગરના પાકના અવકાશ અને વાતાવરણ આધારિત જાતો અપનાવવા હાંકલ કરી હતી.ડો. વી. પી. પટેલ, સહસંશોધન વૈજ્ઞાનિક અને વડા, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, ન. કૃ. યુ. વ્યારા, તાપીએ ડાંગરની નવી વિકસાવેલી જાતો વિશે ખેડૂતોને માહિતગાર કરી વિસ્તાર આધારિત ડાંગરની જાત પસંદગી વિશે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમણે ડાંગરના બીજ ઉત્પાદન વિશે અને ડાંગરની વિવિધ જાતોની ઉપયોગીતા વિશે સમજણ આપી હતી.

ડો. સી. ડી. પંડ્યા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવિકે તાપી એ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરી ખેડૂતોને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નો મહત્તમ લાભ લે એ માટે પહેલ કરી હતી. વધુમાં ડૉ. પંડ્યાએ ખેડૂતોને પડતી સમસ્યાઓના નિરાકરણ માટે કરવામાં આવતી વિસ્તરણ પ્રવૃત્તિઓ વિશે ખેડૂતોને માર્ગદર્શીત કર્યા હતા.ડો. બી. કે. દાવડા, સહ સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર, સુરતએ જુવારના પાકની મહત્વતા અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમણે જુવારના વિસ્તાર આધારિત જાતોની સમજણ આપી ઉત્પાદન વધારવાના મહત્વના પાસા ઓ વિશે ચર્ચા કરી હતી.

શ્રી એન. જી. ગામીત, પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા પ્રોજેક્ટ, સુરત દ્વારા ખેડૂતોને ડાંગરની વિવિધ નવી વિકસાવેલી જાતો વિશે જાણકારી આપી વાતાવરણની પરિસ્થિતિઓમાં ટકી શકે એવી જાતો અપનાવવા હાકલ કરી હતી. વધુમાં તેમણે પીએમ સમ્માન નિધિ યોજના વિશે જાણકારી આપી હતી તેમજ આત્મા પ્રોજેક્ટ થકી ખેડૂતોલક્ષી કાર્યો વિશે અવગત કર્યા હતા.

ડો. હેમિલ જોષી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, દરિયા કાંઠા ક્ષાર ગ્રસ્ત જમીન સંશોધન કેન્દ્ર, દાંતી ઉભરાટ દ્વારા બાયોચાર અને તેની ઉપયોગીતા વિશે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમણે બાયોચાર થી જમીન સુધારણા અને તેના ફાયદાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.સદર કાર્યક્રમમાં શ્રી કિરિટભાઇ પટેલ, સંયુકત ખેતી નિયામકશ્રી, સુરત, શ્રી સી. સી. ગરાસ્યા, જીલ્લા ખેતી અધિકારીશ્રી-તાપી, શ્રી એ. કે. પટેલ, પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા-તાપીએ ઉપસ્થિત રહી ખેડૂતોને માર્ગદર્શન પુરુ પાડયું હતું.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કૃષિ વિસ્તરણ વિભાગના વૈજ્ઞાનિક ડૉ. અર્પિત જે. ઢોડિયા અને આભારવિધી પ્રો. આરતી એન. સોની, વૈજ્ઞાનિક (ગૃહવિજ્ઞાન) દ્વારા કરવામાં આવી હતી.

# સરસ્વતીબેન ચૌધરીએ તાપી મનરેગા લોકપાલ તરીકે પદભાર સંભાળ્યો

### ભારત સરકારની મનરેગા યોજનાના છેવાડાના ગરીબ લાભાર્થીઓને યોજનાનો લાભ મળી રહે તે માટે કામ કરવું છે. : મનરેગા લોકપાલ સરસ્વતીબેન ચૌધરી



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : તા.૨૨- ભારત સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચે અને ગરીબમાં ગરીબ લાભાર્થી તેનો લાભ મેળવી શકે તે માટે સરકાર સતત પ્રયાસ કરે છે. હાલમાં જ ભારત સરકારની મનરેગા યોજના લોકો સુધી પહોંચે, અને લોકોને કોઈ ફરિયાદ હોય તો તેના માટે મનરેગા લોકપાલ સરસ્વતીબેન નટવરલાલ ચૌધરી ની નિમણૂંક થયેલ છે. તેમણે તા.૧૬/૧૦/૨૦૨૪થી પોતાનો પદભાર સંભાળી લીધેલ છે. ન્યાયીપણું ,સમાનતા અને વહીવટી કાર્યક્ષમતાની હિમાયત લોકપાલ કરે છે. જિલ્લા સેવા સદન,વ્યારા જિ.તાપી ખાતે બ્લોક નં.૬ પ્રથમ માળ ખાતે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કચેરીમાં મનરેગા લોકપાલની કચેરી કાર્યરત કરવામાં આવેલી છે. મહાત્મા ગાંધી નરેગા યોજનાના અમલીકરણમાં ઉણપ ને લગતી ફરિયાદો લોકપાલને નોંધાવી શકાશે.નરેગા અધિનિયમના અમલીકરણ હેઠળ બનેલી યોજનાઓ સબંધિત ફરિયાદોના નિકાલ માટે લોકપાલની નિમણૂંક કરવામાં આવે છે. ઉલ્લેખનિય છે કે સરસ્વતીબેને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન પણ તાપી જિલ્લામાં લોકપાલ તરીકે ફરજ બજાવી છે. ચાલુ વર્ષમાં ભરૂચ જિલ્લામાં પણ ઈન્ચાર્જ તરીકે ફરજ અદા કરશે.

# માહિતી ખાતાના અધિકારી નિનેશ ભાભોર દ્વારા ખોટી પ્રેસ કોન્ફરન્સ કરી પત્રકારને બદનામ કરાતા માંડવી ખાતે નેશનલ પ્રેસ એસોસિયેશનના પત્રકારો દ્વારા માંડવી મામલતદારને આવેદનપત્ર આપ્યું



**(પ્રતિનિધિ દ્વારા, માંડવી)** : માંડવી ખાતે આજરોજ નેશનલ પ્રેસ એસોસિએશન દ્વારા બધા પત્રકારો એકત્રિત થઈને મામલતદાર ઓફિસે આવીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં જણાવેલ હતું કે, તાપી જિલ્લાના પત્રકાર પરેશ અટાલીયા જે બહુજન સમ્રાટ પેપરના તંત્રી છે તેને વારંવાર બદનામ કરવામાં આવે છે જે માહિતી ખાતાના અધિકારી નિનેશ ભાભોર દ્વારા ખોટી પ્રેસ કોન્ફરન્સ કરી પત્રકારને બદનામ કરવામાં આવે છે સાથે ખોટા whatsapp ગ્રુપમાં સરકારની માહિતી ઓ ફેલાવવાના બદલે ખોટી રીતે પત્રકારો વિશે લખે છે અને પરેશ અટાલીયા ને ખોટા કેસમાં ફસાવી દેવા માટે લોકોને ફોન કરીને ઉશ્કેરી રહ્યો છે પત્રકારને બદનામ કરે છે તે માટે આજરોજ મામલતદાર ઓફિસ ખાતે માંડવી તાલુકા પ્રમુખ ઈશ્વરભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને આવેદનપત્ર આપી અને તેની વર્ષોથી તાપી જિલ્લામાં કામ કરતા અધિકારીની બદલી કરવાની માંગ કરવામાં આવી અને સાથે સાથે તેની ખાતાકીય તપાસની માંગ કરવામાં આવી જેથી પત્રકારોને ન્યાય યોગ્ય ન્યાય મળી શકે આ પ્રસંગે નેશનલ પ્રેસ એસોસિયેશન માંડવી તાલુકા પ્રમુખ ઈશ્વરભાઈ સોલંકી, ઉપપ્રમુખ હમીરસિંહ ચૌહાણ, મંત્રી જીતેન્દ્રભાઈ સોલંકી, મીડિયા કન્વીનર દિપેશભાઈ પટેલ, ગોવિંદ ભાઈ ગામીત, ચેતનભાઈ ચૌધરી, દક્ષેશભાઈ પટેલ, તેમજ યોગેશભાઈ ચૌધરી ઉપસ્થિત રહી આવેદનપત્ર આપ્યું હતું.

# દાહોદ મામલતદારને NPCના નેજા હેઠળ માહિતી ખાતાના નિનેશ ભાભોર વિરૂધ્ધ આવેદનપત્ર અપાયું



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : દાહોદની મામલતદાર કચેરી ખાતે નેશનલ પ્રેસ એસોસિએશનના ğઞ ના નેજા હેઠળ તારીખ ૨૩.૧૦ ૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે આવેદનપત્ર આપવામાં આવ્યુ છે. દાહોદના પત્રકારો દ્વારા નેશનલ એસોસિએશનના દાહોદ જિલ્લા પ્રભારી કેતન ભટ્ટ, દાહોદ જિલ્લા પ્રમુખ કુલદીપ ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં તાપી જિલ્લા માહિતી નિયામક અધિકારી નિનેશ ભાભોર દ્વારા વિકલી પેપર ના તંત્રીઓની સામે ખોટા આક્ષેપો કરે છે. સરકારી માહિતી રઙ્ઢજર્ઙ્ઢ ગ્રુપમાં ખોટા ખોટા પત્રકારોને વિરુદ્ધ બદનામ કરવાના મેસેજો ફોરવર્ડ કરે છે. પત્રકારોને ખોટી રીતે બદનામ કરીને નુકસાન કરતા આવેલ છે. તંત્રીઓને પેપર બંધ કરાવી દેવાની ધમકીઓ આપતા આવેલ છે. આવા ભ્રષ્ટ અધિકારી પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરી સરકારશ્રી અને માહિતી ખાતાને પણ બદનામ કરી નુકસાન કરે છે. તાપી જિલ્લાન હાલના માહિતી અધિકારી તાપી જિલ્લામાં પત્રકારોમાં અંદરો અંદર વિવાદ ઊભો કરાવે છે. આવા કાયમ માટે વિવાદિત અધિકારીથી તાપી જિલ્લાના તમામ પત્રકારો ત્રાસી ગયા છે અને તાપી જીલ્લાના માહિતી નિયામક નિનેશ ભાભોરની વહેલી તકે બદલી કરવામાં આવેની માંગ સાથે પત્રકારોએ આજરોજ દાહોદ ખાતે આવેદનપત્ર આપ્યું છે.

# વિદ્યાકુંજ વિદ્યાલય વીરપુરની ૫૧ વિદ્યાર્થીનીઓ ને ભારતીય માનક બ્યુરો દ્વારા માઇક્રોશીલ મેન્યુફેક્ચર વ્યારા ખાતે એક્સપોઝર વિઝિટ કરી ઓદ્યોગિક પ્રવાસ




(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : આજરોજ ભારતીય માનક બ્યુરો સુરત વિભાગ દ્વારા તાપી જિલ્લામાં કુલ ૨૩ સ્ટાન્ડર્ડ ક્લબો ની શાળા ઓના ૨૫ બાળકને એકપોઝર વિઝિટ યાને ઓદ્યોગીક પ્રવાસ તારીખ ૨૨ થી ૨૯ સુધી માં તમામ સ્ટાન્ડર્ડ ક્લબ શાળાઓ ને માઈક્રોશીલ મેન્યુફેક્ચર વ્યારા ઉદ્યોગપતિ જીજ્ઞાબેન શાહ અને દિલીપભાઈ ગુજરાતી દ્વારા તમામ સહયોગ મળવાની ખાતરી સાથે પ્રવાસ કરાવવનું નકકી કરવામાં આવેલ છે.જેમાં આજથી પ્રથમ વિદ્યકુંજ વિદ્યાલય ની ૫૧ દીકરીઓ સાથે જિલ્લાના રીશોર્ષ પરસન કેતન શાહ ની રાહબર અને માર્ગદર્શન થી જીલ્લાની અંતરિયાળ વિસ્તારના ૯ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓને ને ઓદ્યોગીક એકમો વિષે જાણે સમજે પ્રત્યક્ષ અનુભૂતિ કરે તો તેના જીવનમાં બદલાવ લાવી શકાય. સાહસિકતા કેળવે, સ્ટાન્ડર્ડ વસ્તુઓ વિશે સમજે ઉપયોગ કરે અને તેનો પ્રચાર પ્રસાર કરે તે આશ્રય સિધ્ધ થાય. પ્રવાસ નિ શુલ્ક અને નાસ્તા સહિત સમગ્ર ખર્ચ ભારતિય માનક બ્યુરો દ્વારા કરવામાં આવે છે તો તમામ શાળા ને લાભ લેવા જિલ્લાના મૈંજી ના કી રિશોર્સ પર્શન , જિલ્લા શૈક્ષિક આચાર્ય સંઘ ના અધ્યક્ષ અને લોક વિજ્ઞાન કેન્દ્ર તાપી ના ડાયરેક્ટર કેતન શાહ દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે. માઈક્રોશીલ મેન્યું ફેક્ચર દ્વારા કાચ ની સ્લાઈડ અને કવર સ્લીપ નું ઉત્પાદન કેવી રીતે થાય તે અને તેનો ઉપયોગ સમજ મળવાથી બાળકોમાં જ્ઞાન સાથે એક ઊર્જા મળશે.

# શંકાશીલ પતિના મનમાંથી શંકાનો કીડો દૂર કરી પતિ-પત્ની વચ્ચે સુખદ સમાધાન કરાવતી બારડોલી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ

**(પ્રતિનિધિ દ્વારા, બારડોલી)** : ગુજરાત સરકાર મહિલાઓ પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે તેનું જવલંત ઉદાહરણ સૂરત જિલ્લા ખાતે આવેલ બારડોલી ૧૮૧ અભયમ એ પૂરું પાડ્યું છે.પલસાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તાર માંથી એક પીડીતા મહિલા દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનમાં ફોન કરી જણાવેલ કે તેમના પતિ ખોટી શંકા કરી વારંવાર ઝઘડા કરે છે.તેમજ કેફી દ્રવ્યોનું સેવન કરી ઘરે આવે છે અને ખુબ જ શારીરિક – માનસિક ત્રાસ આપે છે.તેથી ૧૮૧ની મદદની જરૂર છે.જેના પગલે ૧૮૧ના કાઉન્સેલર પટેલ ખુશ્બુ, મહિલા પોલીસ કોન્સ્ટેબલ ચૌધરી શ્રેયાબેન, પાઈલોટ પટેલ ધર્મેશભાઈ તાત્કાલિકબારડોલી થી નીકળી ઘટના સ્થળ પર પીડિતા મહિલાની મદદ માટે દોડી ગયા હતા. પીડિતા મહિલાના કાઉન્સેલિંગ દરમ્યાન જાણવા મળ્યું કે તેમના લગ્નને ૧૨ વર્ષ જેટલો સમયગાળો થયો છે. સંતાનમાં ૩ બાળકો છે. પીડિતા મહીલા તેમના સાસુ સાથે સયુંક્ત કુટુંબમાં રહેતા હતા. પીડિતા મહિલાના પતિ છેલ્લા દસ વર્ષથી અવાર-નવાર ઝઘડો કરી ને તેમને હેરાન કરતા હતા. પીડિતા મહીલાના પતિ મજૂરી કામ કરતા હતા. પરંતુ કામમાં પણ પૂરતું ધ્યાન આપતા નથી અને મહિનાના દિવસો પુરા ભરતા ન હતા. પીડિતા ના પતિ જે કામધંધો કરે છે એ પૈસા પણ વ્યસન કરવામાં વેડફી નાખે છે. અને ઘર ખર્ચ માટે પૈસા પણ આપતા નથી તેમજ જીવન જરૂરિયાત ચીજવસ્તુ પૂરું પાડતા નથી અને પીડિત મહિલા પોતે બહાર જઈને કામ કરવાનું કહે તો તેમને ઘરની બહાર જવાની ના પાડે છે. પીડિતાએ તેમની અને તેમના બાળકોની નાની નાની જરૂરિયાત માંટે તેમના સાસુ પાસે થી પૈસા માંગવા પડતા હતા. પીડિતા મહિલાના પતિ અવાર-નવાર કેફી દ્રવ્યોનુ સેવન કરીને ઘરે આવી ખૂબ જ અપશબ્દો બોલતા હતા તેથી તેમના પતિ ને સમજાવવા ૧૮૧ ની મદદ લીધેલ છે.૧૮૧ ટીમે પીડિતાના પતિને સમજાવેલ કે તમારી ખોટી શંકાઓ ના કારણે તમારા લગ્ન જીવનમાં ઘણી સમસ્યાઓ આવી રહી છે અને તમે આવું વર્તન કરીને તમારી પત્નીને ને ખૂબ જ માનસિક ત્રાસ આપી રહ્યા છો. વ્યસન કરવું એ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે અને આવી રીતે વ્યસન કરવું જોઈએ નહીં. તેમજ કડક શબ્દોમાં કાયદાનું ભાન કરાવેલ. ત્યારબાદ કાઉન્સેલિંગ દરમ્યાન પિયર પક્ષ અને સાસરી પક્ષને સાથે રાખીને ઝીણવટપૂર્વક સમસ્યા અંગેની ચર્ચા કર્યા બાદ બાળકના ભવિષ્યના મુદ્દાને નજર સમક્ષ રાખી પીડિતા ના પતિ અને બંને પરિવારના સભ્યોની સાથે રાખી લગ્ન જીવન ના તુટે તેવી કાયદાકીય સલાહ, સૂચન, માર્ગદર્શન આપેલ. જેથી પીડિતાના પતિએ તેની ભૂલ સ્વીકાર કરી માફી માગેલ અને હવે પછી તેની પત્નીને હેરાન નહી કરે તેમજ પત્ની અને બાળકોની તમામ જવાબદારી ઓ પૂરી કરશે તેવું જણાવેલ. પીડિતાના પતિની જવાબદારી તેના ઘરના વડીલોએ લીધેલ તેથી. પતિ-પત્ની વચ્ચે થતા ઝઘડા નું સુખદ નિરાકરણ કરવામાં આવેલ અને ઘર સંસાર તૂટતા બચાવ્યોઆમ પારિવારિક સમસ્યાનું સુખદ સમાધાન થતા બંન્ને પક્ષ દ્વારા ૧૮૧ અભયમ ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ હતો.

# સુરત ધુલિયા રોડ ઉપર વાહનોના ડાયવર્ઝન અંગેનું જાહેરનામું




(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : તા.૨૩. વાલોડ તાલુકાના બાજીપુરા ખાતે સુરત ધુલીયા રોડ ઉપર મીંઢોળા નદી ઉપર પુલ જૂનો અને જર્જરીત હોવાથી સૌ પ્રથમ તેના ઉપરથી તમામ પ્રકારના વાહનો-ટ્રાફિકની અવર-જવર બંધ કરી ડાયવર્ઝન આપી રસ્તો બંધ કરવામાં આવ્યો હતો.

જે બાબતને ધ્યાને લઈ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ તાપી દ્વારા હુકમ કરી સુરત ધુલિયા રોડ પર આવેલ મીંઢોળા નદી ઉપર વાહનો પસાર થઈ શકશે નહીં, ટ્રાફિક/વાહનોની અવર-જવર માટે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અંગેનું જાહેરનામું પ્રસિદ્દ કરવામાં આવ્યું છે.

જેમાં વૈકલ્પિક માર્ગનો ઉપયોગ તરીકે બાજીપુરા સુમુલ ડેરી સોનગઢ સુરત વ્યારા તરફ જવા માટે ઉપયોગ કરવો તથા સુરત સુમુલ ડેરી બાજીપુરા વાલોડ તરફ જવા બાજીપુરા ગામ કુંભારવાડા તરફથી બજાર તરફ કોઝવે પર ટુ વ્હીલ અને ફોરવીલ વાહનોની અવર-જવર ન કરે તે માટે આડસ ઊભી કરવા અને પોલીસ બંદોબસ્ત પુરી પાડવામાં આવી છે. આ જાહેરનામું આગામી ૨૦. ૧૨. ૨૦૨૪ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.